Vol. 12, Issue: 1, January: 2024
(IJRSML) ISSN: 2321 - 2853

# પ્રિતમ લખલાણી એક અભ્યાસ

ડૉ. જીતાભાઈ વી. ચૌધરી

પ્રીતમ લખલાણીનો જન્મ ૧-સપ્ટેમ્બર, ૧૯૫૮ ના રોજ ઘાટકોપર-મુંબઈમાં થયો હતો. મૂળ વતન જૂનાગઢ જીલ્લાનું સરાડીયા ગમ અને મોસાળ બગસરા પાસેનું આદપર ગામ. પિતા હરજીવનદાસ. માતા મણીબેન. પત્ની બીનાબહેન. સંતાન કુણાલ અને કરિશ્મા; પ્રાથમિક અને માધ્યામિક શિક્ષણ ઘાટકોપર. અર્થશાસ્ત્ર વિષય સાથે એમ.એ. છેલ્લા ત્રણ દાયકાઓથી અમેરિકામાં વસવાટ. કમ્પ્યૂટરક્ષેત્રે સર્વિસ., મળતાવડા, નિખાલસ, પ્રેમાળ અને સંબંધોને એક મૂલ્યવિશેષ ગણીને જતન કરનારા માણસ. અમેનો વતન પ્રત્યોનો પ્રેમ અદ્‌ભુત. માતૃભાષાને આટ આટલાં વર્ષો પછી પન ભૂલ્યા નથી. ગુજરાતી સાહિત્યજગત સાથેનો એમનો જીવંત સંબંધ અને સંપર્ક તો આશ્રય પમાડે તેવો. ક્યારેક તો ગુજરાતમાં સાહિત્યકારોના સંદર્ભમાં કંઈપણ ઘટિત કે અઘટિત બન્યું હોય તો તેમના દ્વારા સૌ પ્રથમવાર જાણવા મળે!

આ લેખકે લગભગ ત્રણેક દાયકાઓ પુર્વે-ઈ.સ ૧૯૯૫ની એક શીતળ સાંજે,હિંડોળે બેસીને ખુદ અને ખુદાથી વાત કરતા સૌ પ્રથમ કાવ્યરચના કરીને એમની કાવ્યયાત્રાનો આંરભ કર્યો હતો.એ પછી ગોધૂલી (૧૯૯૫) દમક (૧૯૯૮) સંકેત (૨૦૦૦) એવકેરિયમાં દરિયો (૨૦૦૨)વાછટ (૨૦૦૮)ટહુકે વરસ્યું આભ (૨૦૧૦) અને ચિત્કાર (૨૦૧૧)જેવા સાત કાવ્ય સંગ્રહો આપ્યા છે.એમના કાવ્યોનાં વિષય, અભિવ્યકિત અને સ્વરૂપમાં જે વૈવિધ્ય જોવા મળે છે.તે કાવ્યવિવેચકોનું ધ્યાન ખેચ્યવિના રહેતું નથી.તેઓએ હાઈકુ,મોનો-ઈમેજ લઘુકાવ્ય અછાંદસ ગઝલ ગીત જેવા કાવ્યપ્રકારોમાં પોતાના ભાવવિશ્વને પ્રગટ કરવાના સનિષ્ઠ પ્રયાસ કર્યા છે.

જુદા જુદા ગુજરાતી સામયિકોમાં પણ એમની કાવ્યરચના પ્રકાશિત થતી રહે છે. કાવ્યસર્જનની સાથે તેઓએ અમેરિકામાં વસતા ગુજરાતી કવિઓની કવિતાને સમ્પાદિત કરતાં બરફમાં મેઘધનુષ' (૨૦૦૧), 'લાવરવાઝ (૨૦૦૩), 'એક મુઠ્ઠીમાં આકાશ (૨૦૦૮) જેવાં ત્રણ સંપાદનો પણ આપ્યાં છે. આ સંપાદનોમાં મારફ ડબાવાલા, મધુમતી મહેતા. આદિલ મન્સુરી, પન્ના નાયક, ચન્દ્રકાન્ત શાહ, જયંત મહેતા, પ્રીતિસેન ગુપ્તા, ભરત ત્રિવેદી, શકુર સરવૈયા, પ્રીતમ લખલાણી જેવા કવિઓની કાવ્યરચનાઓ માણવા મળે છે. આ ત્રણ સંપાદનો નિમિત્તે આ કવિએ સહસ્રાધિક કવિતાઓ વાંચી હશે અને આ કવિતાઓ એમના કાવ્યસર્જન માટે પ્રેરક, પોષક અને પ્રભાવક પણ બની હશે. એમનો કાવ્ય પ્રત્યેનો લગાવ પણ અદભૂત છે.

પ્રીતમ લખલાણી કવિની સમાન્તર વાર્તાકાર પણ છે. તેઓએ 'દૃષ્ટિકોણ' (૨૦૦૨), નાયગરા તારાં ગુંજતા પાણી' (૨૦૧૦), 'ઉઘાડ' (૨૦૧૨) જેવા ત્રણ વાર્તાસંગ્રહોમાં ચોપન વાર્તાઓ આપી છે જે આ કવિની લગોલગ બેઠેલા

વાર્તાકારનો પરિચય કરાવે છે. એમનામાં સુપ્ત પડેલા વાર્તાકારને જગાડ્યો છે કેલિફોર્નિયા સ્થિત આનંદરાવ લિંગાયતે. એમના દ્વિમાસિક સામયિક 'ગુંજન માટે આ કવિએ વાર્તા લખવાની શરૂઆત કરી હતી. એ પછી એમનું વાર્તાસર્જન વહેતું થયું હતું જે આજપર્યન્ત ચાલું છે. એમના વાર્તાસંગ્રહોમાં ગ્રંથસ્થ વાર્તાઓ ઉપરાંત પણ એમની કેટલીક વાર્તાઓ સામયિકોમાં પ્રકાશિત થઈ છે જે અગ્રંથસ્થ છે. આ મૌલિક વાર્તાસર્જનની સાથે તેઓએ 'દરીયા પારના દર્પણમાં (૨૦૦૧) અને 'અમેરિકા ઉવાચ' (૨૦૦૩) જેવા પુસ્તકોમાં એમણે ભારતીય-અમેરિકન વાર્તાકારોની વાર્તાઓ સમ્પાદિત કરી છે.

આ લેખકે 'શબ્દફ્રેમમાં (૨૦૦૨) શીર્ષક હેઠળ વીસ જેટલાં વ્યક્તિચિત્રોનો એક સંગ્રહ આપ્યો છે. આ સંગ્રહમાં હરીન્દ્ર દવે, શેખાદમ, નાથાલાલ, સુનીલ દેશમુખ જેવા સર્જક વિશેષોના વ્યક્તિચિત્રો મુકાયાં છે. આ ઉપરાંત એમનો 'શબ્દના આલ્બમમાં' (૨૦૧૨) બ્દચિત્રોનો સંગ્રહ પ્રકાશિત થયો છે અને 'સુગંધની પરખ' (૧૯૯૯) નામે લેખસંગ્રહ પણ પ્રકાશિત થયો છે.

ભારતીય પરિવેશમાં જન્મેલા અને ઉછરેલા આ વાર્તાકારને અમેરિકામાં વસવાટ કરતાં જે અવનવા અનુભવો અને સાંસ્કૃતિક સંઘર્ષ અનુભવવા પડ્યા છે તે અનુભવે અને સંઘર્ષે તેમની વિચારદિશાને જીવનને જોવાના દષ્ટિકોણને કેટલાક અંશે બદલી નાંખ્યા છે અને તેમના બદલાયેલા અભિગમનું પ્રતિબિંબ એમની વાર્તાસૃષ્ટિમાં ક્યાં અને કેવી રીતે પડ્યું છે.

વિદેશમાં વસવાટ કરતાં ગુજરાતી સર્જકો પોતાની સર્જનાત્મક કૃતિઓથી પોતાની સાથે જ વસવાટ-કરતી ત્રીજી પેઢીનાં યુવક- યુવતીઓને માતૃભૂમિ અને માતૃભાષા સાથે જોડી રહ્યાં છે. આ વિદેશમાં વસવાટ કરતાં સર્જકો દ્વારા સર્જાયેલી કૃતિઓને ડાયસ્પોરા સાહિત્ય તરીકે ઓળખાવવામાં આવે છે. Indian diaspora Literatureનો પર્યાય છે પ્રવાસી ભારતીય સાહિત્ય. આ પ્રકારના સાહિત્યમાં જે પ્રશ્નો, સમસ્યા, સંવેદનો નિરૂપાયાં હોય છે તે ભારતીય જ હોય છે. એક વ્યક્તિ પોતાનો સાંસ્કૃતિક પરિવેશ છોડીને અન્યત્ર વસવાટ કરે છે ત્યારે તેને એ સ્થળે બધું બદલાયેલું લાગે છે. પોતે મૂળથી વિખૂટો પડી ગયાની લાગણી અનુભવે છે. આ બદલાયેલા માહોલમાં તેને રહેવું પડે છે એ સાચું, પરંતુ તેનો માહ્યલો તો તેના મૂળ પરિવેશને જ ઝંખે છે. એ પછી

રૂમ', 'સ્વપ્ન' જેવી વાર્તાઓ લખી છે. આ વાર્તાઓમાં ન્યૂયોર્ક, ફિલાડેલ્ફિયા, રોચેસ્ટર જેવાં શહેરોમાં વસતાં ભારતીય-ગુજરાતી કુટુંબજીવનની આંતર-બાહ્ય સમસ્યાઓ અને સંસ્કૃતિ સંઘર્ષ આલેખાયાં છે. આ વાર્તાઓ પારંપરિક ગુજરાતી ટૂંકીવાર્તાઓ કરતાં જુદા જ રંગની સૃષ્ટિને તાદશ કરે છે.

Vol. 12, Issue: 1, January: 2024
(IJRSML) ISSN: 2321 - 2853

**સંદર્ભસૂચિ**

૧. જાની, બળવંત 'પ્રિતમ લખલાણી ડાયસ્પોરિક વાર્તા'
૨. લખલાણી, પ્રિતમ 'દૃષ્ટિકોણ'
૩. લખલાણી, પ્રિતમ 'નાયગરા તારા ગુંજતા પાણી'
૪. લખલાણી, પ્રિતમ 'ઉઘાડ'